# યુ.કે.માં આવનાર સગાં-વહાલાઓ

યુ.કે.માં સ્થાયી થયેલ વ્યક્તિ સાથે વસવાટ અર્થે આવનાર સગાઓ (પતિ, પત્નિ અને ૧૮ વર્ષથી નાના બાળકો સિવાયના)ને ઈમીગ્રેશનના નિયમો કેવી રીતે લાગુ પડે છે તે આ પત્રિકામાં સમજાવવામાં આવેલ છે.

*(આ પત્રિકામાં કાકા, મામા, માસા અને ફુઆ - આ બધા માટે* ***અંકલ*** *શબ્દ વાપરેલ છે, તથા કાકી, મામી, માસી, અને ફોઈ માટે* ***આન્ટી*** *શબ્દ વાપરેલ છે.)*

## તમે કયા કયા સગાઓને યુ.કે.માં તેડાવી શકો?

૬૫ વર્ષથી મોટી વયના વિધવા મા યા વિધુર બાપ, તેમ જ એકબીજાની સાથે પ્રવાસ કરી રહેલ દાદા-દાદી જેમાંથી કોઈ એકની ઉંમર ૬૫ વર્ષથી વધારે હોય, આ લોકોને ઈમીગ્રેશન કાનૂન યુ.કે. આવવા દે છે. દીકરાઓ, દીકરીઓ, બહેનો, ભાઈઓ, ૧૮ વર્ષથી મોટી વયના અંકલ અને આન્ટી, તેમ જ ૬૫ વર્ષથી મોટી વયના માબાપ, કે દાદા-દાદીને અમુક સંજોગોમાં અહીં આવવાની પરવાનગી મળી શકે છે.

## યુ.કે. આવવા માટેની એમની યોગ્યતા શાના ઉપરથી નક્કી થાય?

તમે પોતે યુ.કે.માં સ્થાયી થઈને રહેતા હો, અને તમારા યુ.કે.ના વસવાટ પર કાનૂન તરફથી કોઈ સમય મર્યાદા ના લાગુ પડતી હોય એ જરૂરી છે, તેમ જ આવવા ઈચ્છનારે નીચે મુજબ પુરવાર કરવું પડશે:

- આર્થિક રીતે એ ફક્ત તમારા ઉપર જ કે મહદ્ અંશે તમારા ઉપર જ નભે છે;
- પોતાના મુલકમાં એના કોઈ અન્ય સગા નથી જે તેને આર્થિક રીતે સહારો આપી શકે; અને,
- સરકારી ભંડોળમાંથી મદદ લીધા વગર તમે એને રોટલો અને ઓટલો પૂરા પાડી શકો એવી સધ્ધર તમારી આર્થિક સ્થિતિ છે.

અપવાદરૂપ અને અનુકંપાજનક પરિસ્થિતિમાં, ૧૮ વર્ષથી મોટી વયના સંતાનો, અંકલ/આન્ટી, કે માબાપો તેમ જ દાદા-દાદી જો એકલ અવસ્થામાં રહેતા હોય તો, આ સૌને જો ઉપર જણાવેલ મુદ્દા લાગુ પડતા હોય તો તેઓ આવી શકે છે.

યુ.કે. તરફ પ્રયાણ કરતા પહેલા એણે એન્ટ્રી ક્લિઅરન્સ મેળવી લેવું જોઈએ.

# સરકારી ભંડોળ એટલે શુ?

નીચે અમુક સરકારી બેનિફિટ બતાવેલ છે; યુ.કે.માં રહેવા કે વસવાટ અર્થે આવો તો તે બેનિફિટ વગર જ તમે ગુજારો કરી શકો અને રહેઠાણ પૂરૂં પાડી શકો એ જરૂરી છે:

- ઈન્કમ સપોર્ટ અને જોબસીકર્સ એલાવન્સ;
- હાઉઝીંગ એન્ડ હોમલેસનેસ એસિસ્ટન્સ;
- હાઉઝીંગ બેનિફિટ અને કાઉન્સિલ ટૅક્સ બેનિફિટ;
- વર્કીંગ ફૅમિલીઝ ટૅક્સ ક્રેડિટ;
- સોશિયલ ફંડ થકી મળતી ગ્રાન્ટની રકમ;
- ચાઈલ્ડ બેનિફિટ; યા
- કોઈ પ્રકારનું ડીસેબીલીટી એલાવન્સ.

# એન્ટ્રી ક્લિઅરન્સ શું હોય છે?

તમને યુ.કે.માં આવવાની પરવાનગી રૂપે જે વિઝા અપાય છે તેને એન્ટ્રી ક્લિઅરન્સ કહેવાય છે.  અહીં આવવા ઈચ્છુક તમારા સગા-સ્નેહી જે દેશમાં રહેતા હોય ત્યાંના બ્રિટીશ એલચીખાતામાં એન્ટ્રી ક્લિઅરન્સ માટે અરજી કરવાની હોય છે.

કોવેન્ટ્રી લૉ સેન્ટરમાંથી વિઝા બારામાં માર્ગદર્શિકાઓ અને માહિતી મળી શકશે.  તમારા સગાંની એન્ટ્રી ક્લિઅરન્સની અરજી નકારવામાં આવે તો તેમને અપીલ કરવાનો અધિકાર છે.  એન્ટ્રી ક્લિઅરન્સ નામંજૂર થયાને ૨૮ દિવસની અંદર અપીલ કરી દેવી જોઈએ એની નોંધ લેવી.

*આ પરિપત્રમાં આપેલ માહિતી સાચી તેમ જ આજની તારીખને અનુરૂપ છે તેની બને એટલી ચોકસાઈ રાખવામાં આવી છે. આમ છતાં, કાયદાની દૃષ્ટિએ એને સંપૂર્ણ કે સત્તાવાર ન ગણી શકાય, કાનૂની સલાહ ન કહેવાય, તેની ખાસ નોંધ લેવી.  આ માહિતીમાં કોઈ પ્રકારની ભૂલચૂક હોય તેને માટે, કે તેનાથી ઉપજતા માઠા પરિણામ માટે અમોને જવાબદાર ન ઠેરવી શકાય. ઈંગ્લેન્ડ અને વેલ્સમાં વસતા અને એના કાયદાઓની અસર તળે આવતા લોકો માટે જ આ પરિપત્ર તૈયાર કરવામાં આવેલ છે.*